ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### નવાઝ શરીફનો પુણ્ય પ્રકોપ વર્સિસ હાફિઝ સઇદનો પાપ-પ્રકોપ

મુંબઇ હુમલાના માસ્ટર માઇન્ડ અને પાકિસ્તાની આર્મી તથા આઇએસઆઇની રહેમ નજર હેઠળ સરકારના જમાઇની જેમ વટથી ભારત વિરોધી ચળવળ ચલાવતા હાફિઝ સઇદને પેશાવરના બાળસંહાર પાછળ ભારતનો હાથ દેખાતો હોય તો એને એક ખૂંખાર ત્રાસવાદીનુ 'પાગલપણું જ ગણવું રહ્યું. મુંબઇ પર થયેલા ઐતિહાસિક હુમલા વખતે જીવતા પકડાયેલા આતંકવાદી કસાબની કબૂલાતમાં હાફિઝ સઇદનું નામ ખુલ્યું હતું. છેક વાજપેયી સરકાર હસ્તકના શાસનકાળમાં વિમાનનું અપહરણ કરાવી કાબુલ ઉતરાણ કરાવી એની અવેજીમાં શરતી છુટકારો મેળવનાર હાફિઝ સઇદે કાશ્મીરને પાકિસ્તાનમાં ભેળવવાની કસમ ખાધેલી છે. કાશ્મીરને 'આઝાદ' કરાવવા માટે કાશ્મીરમાં જ વસતાં કેટલાંક અલગતાવાદી જૂથો સક્રિય છે, જે પાકિસ્તાનના શાસકો સાથે મીઠાં સંબંધો ધરાવે છે. પાક આર્મી અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઇએસઆઇ માટે કાશ્મીર હવે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયેલ છે. ઇન્દિરા ગાંધીના શાસનકાળ દરમિયાન પાકિસ્તાનની એક પાંખ તૂટી જતાં રઘવાયા બનેલા શાસકો પણ કાશ્મીર મુદ્દે કોઇ પણ પ્રકારનું સમાધાન સ્વીકારવા તૈયાર નથી. આ કાશ્મીર જ ભારત-પાક સબંધો વચ્ચે ગળાની ફાંસ બની રહ્યું છે. એક તરફ ભારત પાકિસ્તાને ગેરકાયદેસર કબજે કરેલા 'આઝાદ કાશ્મીર'ને પણ કાશ્મીરનો જ ભાગ ગણી ભારતને સોંપી દેવાની માંગણી કરતું રહ્યું છે ત્યારે બીજી તરફ પાકિસ્તાન ખાવા ન મળે ઢોળી નાખવાની નકારાત્મક વૃત્તિ સાથે અમેરિકા જેવી મહાસત્તાને વારંવાર કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવા વીનવતું રહ્યું છે. એ કાશ્મીરને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે યુનાઇટેડ નેશન્સ દ્વારા મંજૂરી અપાવવા તૈયાર છે. હાફિઝ સઇદે ભારતને બરબાદ કરી નાખવાના બખાળા પહેલી વાર નથી કાઢ્યા. અગાઉ પણ એ સતત ભારત સામે ઝેર ઓકતો રહ્યો છે. એ પદ્ધતિસરની ત્રાસવાદની તાલીમ આપતી શિબિરો ચલાવે છે. દેખીતું છે કે આ પ્રકારની શિબિરો સરકારની અને પાક આર્મીને રહેમ નજર વગર ન જ ચાલી શકે. સઇદે તાજેતરમાં લાહોર ખાતે ઐતિહાસિક મિનારે પાકિસ્તાન નજીક યોજેલી રેલી માટે નવાઝ શરીફ સરકારે બે શહેરોમાંથી સ્પેશિયલ ટ્રેનો દોડાવી હતી, તે જ એનો પુરાવો છે. ભારતીય પત્રકાર વેદપ્રતાપ વૈદિકની મુલાકાત પણ પાકિસ્તાન સરકારની મંજૂરી વગર શક્ય ન બની હોત. આ ઘાતકી ત્રાસવાદી ફક્ત ભારતમાં જ નહીં, અમેરિકામાં પણ 'વોન્ટેડ' છે, પરંતુ પાકિસ્તાન સરકાર એની વિરુદ્ધ કોઇ પણ વાત સાંભળવા તૈયાર નથી. જયારે જયારે પાક શાસકોએ હાફિઝ સઇદ વિશે સવાલ કરાયો છે ત્યારે એમણે ઠંડે કલેજે એને પ્રતિષ્ઠિત પાકિસ્તાની નાગરિક ગણાવ્યો છે. એની સામે પાકિસ્તાની કોર્ટમાં કોઇ કેસ નથી, એ કોઇ પણ ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોવાન અમારી પાસે પુરાવા નથી એમ કહીને પાકિસ્તાની સરકાર હાથ ઊંચા કરે છે. પેશાવરની નૃશંસ બાળહત્યામાં તહરીક-એ-તાલીબાને ખુલ્લી જવાબદારી વહોરી હોવા પછી પણ હાફિઝ સઇદ આ ક્રૂર ઘટના પાછળ ભારતનો હાથ દેખાતો હોય તો એમ જ સમજવું રહ્યું કે પાક આર્મી અને આઇએસઆઇ આ ઘટનાનો દોષ ભારતનાં શિરે મઢી ભારત વિરોધી ચળવળ વધુ ઉગ્ર બનાવવાનો વ્યુહ ઘડી રહેલ છે. એક તરફ વડાપ્રધાન નવાઝ શરીફ શહીદ બાળકોના મોત પર આંસુ સારીને પાકિસ્તાનની સરજમીન પર એક પણ ત્રાસવાદી તત્ત્વ જીવતું હોય ત્યાં સુધી એનો સફાયો કરવાની ઝુંબેશ ચલાવવાની કસમ ખાય છે, એમની આ ઝુંબેશમાં વિપક્ષોનો પણ સહયોગ માગે છે. બીજી તરફ એ જ સમયે હાફિઝ સઇદ ભારત વિરોધી નિવેદન કરી પેશાવર કાંડનો બદલો લેવાની વાત કરે છે! પાકિસ્તાન બે મોઢે બોલે છે : એક મોઢું નવાઝ શરીફનું છે, બીજું હાઇફ સઇદનું. પાકિસ્તાનના આ બેવડા ચરિત્રથી ભારતે સાવધ રહેવાની જરૂર છે. બલકે આખા વિશ્વને હવે તો પાકે પાયે ખાતરી થઇ ગઇ છે કે ઇસ્લામિક આતંકવાદનું એપીસેન્ટર બીજે કયાંય નહીં પણ પાકિસ્તાનમાં છે. અલ-કાયદાના સૂત્રધાર ઓસામા બિન લાદેનની લઇ ડ્રગ માફિયા દાઉદ સુધીના ખૂંખાર ત્રાદવાદીઓ માટે પાકિસ્તાન સલામત આશ્રયસ્થાન બની રહ્યું છે. પાકિસ્તાન ઇસ્લામિક દુનિયાના કેન્દ્રપ્રદેશ તરીકે ઊપસવા મથતું રહ્યું છે. ભારતમાંથી ધર્મ-સંપ્રદાયના નામ પર જુદા પડેલા આ દેશને લોકશાહી પચી નથી. પેશાવર ઘટનાથી હચમચી ઊઠેલા નવાઝ શરીફે હવે 'સારા' અને 'નઠારા' તાલિબાનવાળી એમની પરંપરાગત માન્યતાનો ત્યાગ કરી બધા જ તાલિબાનોને ત્રાસવાદી ગણી એમની સામે કડકાઇથી વર્તવાની જાહેરાત કરી દીધી છે. એમણે વધુમાં ઉમેર્યું છે કે સૈન્ય માર્યા ગયેલા માસૂમોના ચહેરા સામે રાખીને કાર્યવાહી કરશે. તાલિબાનો સાથે વાટાઘાટો નહીં થાય, ફક્ત કાર્યવાહી થશે - એમની સામેની આ કાર્યવાહી છેલ્લો આતંકવાદી જીવિત હશે ત્યાં લગી ચાલતી રહેશે. પાક આર્મીના વડા રાહીલ શરીફે કાબુલ પહોંચી જઇ તાલીબાની નેતા ફઝલુલ્લાહને સોંપી દેવા જણાવ્યું છે. જો અફઘાન સરકાર એને પાકિસ્તાન આર્મીના હવાલે નહીં કરે તો અફઘાનિસ્તાન પર હુમલો કરવાની પણ લશ્કરી વડાએ ધમકી આપી છે. પેશાવર ઘટના પછી સક્રિય બનેલ પાક આર્મીએ વજીરીસ્તાન અને સરહદી વિસ્તારમાં હુમલા કરી પચાસથી વધુ તાલીબાનોનો ખાતમો બોલાવ્યો હોવાનો દાવો કર્યો છે. એજ રીતે નવાઝ શરીફે પકડાયેલા ત્રાદવાદીઓ પર છ વરસથી ચાલી રહેલ સજા મોકૂપી રદ કરીને બે જ દિવસમાં ડેથ વોરંટ જારી કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણય અમલી બનતાં ૮૦૦ જેટલા આતંકવાદીઓને ફાંસીના માંચડે લટકાવી દેવાશે. આવી આકરી સજાથી ત્રાસવાદી પ્રવૃત્તિ પર અંકુશ આવી શકશે કે કેમ એ તો સમય જ કહેશે. એક તરફ આવા આકરાં પગલાં ભરવાની પહેલ થતી હોય ને બીજી તરફ હાફિઝ સઇદ ભારતમાં બરબાદી ફેલાવી દેવાની ત્રાડ નાખતો હોય- તે શું દર્શાવે છે? વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેશાવર કાંડ નિમિત્તે દર્શાવેલી શુભચેષ્ટા - સાથે મળીન ત્રાસવાદ સામે લડવાના સંકલ્પોનો પાકિસ્તાન પાસે શું આ જ પ્રતિભાવ બચ્યો છે? દાઉદ અને હાફિઝ સઇદને કયાં સુધી લાડ લડાવશો?

## સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ડ્રાઈવીંગ તાલીમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યના પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા નવી દિલ્હી ખાતેના રાષ્ટ્રીય પછાત વર્ગ વિકાસ નિગમના સહયોગથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના લોકો માટે ડ્રાઈવીંગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ મારૂતિ સુઝુકી ઈન્ડીયા લીમીટેડ મારફતે કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ, વડોદરા, કચ્છ(ભુજ), ગોધરા(પંચમહાલ), જામનગર અને મહેસાણા ખાતેના મારૂતિ ડીલરો દ્વારા તાલીમ આપવામાં આવશે. આ ડ્રાઈવીંગ તાલીમ માટે લાયકાત ધરાવતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઈચ્છુકોએ તા. ૨૯મી ડિસેમ્બર સુધીમાં અરજી કરવાની છે.

આ તાલીમ માટે અરજદારની આવક મર્યાદા શહેરી વિસ્તારમાં રૂ. ૧,૦૩,૦૦૦ થી ઓછી અને ગ્રામ્ય વિસ્તારમાં ૮૧,૦૦૦ થી ઓછી હોવી જરૂરી છે. તેમજ અરજદારની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષની હોવી જોઈએ. અને ધોરણ-૮ પાસથી ધો. ૧૦ પાસની લાયકાત ધરાવતા અરજદારોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ તાલીમમાં ભાગ લેવા ઈચ્છુકોએ સાદા કાગળમાં અરજી કરી સાથે લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ તાલીમ માટે અરજદારે સ્વ ખર્ચે આવનજાવન કરવાનું રહેશે અને જો લાભાર્થીઓની સંખ્યા વધી જશે તો ડ્રો દ્વારા પસંદગી કરાશે. અરજીમાં પસંદગીનું તાલીમ કેન્દ્ર દર્શાવવાનું રહેશે.

## આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં આરોગ્ય વિભાગે મહેસુલ વિભાગને પરાજય આપ્યો

ગાંધીનગર, તા. ૧૮

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં આજે સે. ૨૧ના સચિવાલય જીમખાના ખાતે રમાયેલ એક મેચમાં આરોગ્ય-ઉર્જા-શ્રમરોજગાર વિભાગની સંયુક્ત ટીમે મહેસુલ વિભાગની ટીમને ૮ વિકેટે પરાજય આપ્યો હતો. આ મેચમાં પ્રથમ બેટીંગ કરતા મહેસુલ વિભાગની ટીમ ૫૫ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. જેમાં આશિષ પટેજીયાએ નોટઆઉટ ૨૦ રન ફટકાર્યા હતા. આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમે જવાબમાં ૨ વિકેટે ૫૯ રન નોંધાવી વિજય મેળવ્યો હતો. જેમાં વત્સલ વોરાએ નોટઆઉટ ૨૪ રન ફટકાર્યા હતા. આ મેચમાં વત્સલ વોરાએ મહેસુલ વિભાગની ૪ વિકેટ પણ ખેરવી હતી. તેમના ઓલરાઉન્ડ દેખાવ માટે મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

## ગાંધીનગરમાં નવોદિત વાર્તા લેખન કાર્ય શિબિર યોજાશે

### ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં શિબિરનું આયોજન : જાણીતા વાર્તાકાર મધુરાય નવોદિત વાર્તાકારોને માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષામાં નવોદિત વાર્તાકારોને માર્ગદર્શન મળે તે હેતુથી તા. ૬ થી ૮ જાન્યુઆરી દરમ્યાન ત્રણ દિવસ માટે નવોદિત વાર્તાલેખન કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્તાલેખન શિબિર ગાંધીનગરની ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે યોજાશે. આ શિબિરમાં જાણીતા વાર્તાકાર અને વાર્તા માસિક 'મમતા'ના સંપાદક મધુરાય ઉપસ્થિત રહી નવોદિત વાર્તાકારોને માર્ગદર્શન આપશે.

આ શિબિરમાં મધુરાય સાથે અન્ય વિદ્વાનો પણ ઉપસ્થિત રહેશે. આ શિબિરમાં ભાગ લેવા માટે નવોદિત વાર્તાકારોએ 'કોફીનો એક કપ' વિષય પર સ્વરચિત ટુંકી વાર્તા લખીને તા. ૨૫મી ડિસેમ્બર સુધીમાં ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રકાશન વિભાગ, અભિ લેખાગાર ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગરના સરનામે મોકલી આપવાની છે. આ કવરમાં તેમણે પોતાનો સંપૂર્ણ પરિચય, પાસપોર્ટ સાઈઝના બે ફોટા, સંપર્ક નંબર સહિત કવર પર 'વાર્તા લેખન શિબિર' લખી મોકલી આપવાની છે. આ શિબિરમાં સંયોજક દ્વારા પસંદ થનાર નવોદિત વાર્તાકારોને અકાદમી તરફથી આવવા જવાનું રેલવેના બીજા વર્ગનું અથવા બસ ભાડુ તેમજ શિબિર ખાતે વિના મૂલ્યે રહેવા-જમવાની સગવડ આપવામાં આવશે.

## આજે ભાજપ મહાનગર કિસાન મોરચા દ્વારા સરગાસણ પ્રા. શાળામાં ડેન્ટલ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના ગુડા વિસ્તાર સરગાસણ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ભારતીય જનતા પાર્ટી મહાનગર કિસાન મોરચા દ્વારા તા. ૧૯મી ડિસેમ્બરે સવારે ૧૦.૩૦ વાગે એક ડેન્ટલ ચેકઅપ કેમ્પ ઉવારસદ ખાતે આવેલ કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલના સહયોગથી યોજવામાં આવેલ છે.

આ કેમ્પમાં સરગાસણ પ્રાથમિક શાળાના બાળકોના દાંતની ચકાસણી કરાશે અને જરૂરિયાત મુજબ સારવાર કે સૂચન અપાશે. તેમજ બાળકોને દાંતોની સફાઈ કેવી રીતે રાખવી તે અંગે માહિતગાર કરાશે.

## રવિવારે સે. ૧૯ જીમખાનામાં કોલોસ્ટ્રોલ અંગે પ્રેઝન્ટેશનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સે. ૧૯માં આવેલ જીમખાનામાં તા. ૨૧મી ડિસેમ્બર રવિવારે સવારે ૧૦ વાગે આયુર્વેદ મેડિકલ ઓફિસર ડૉ. રાકેશ એન. ભટ્ટ દ્વારા કલોસ્ટ્રોલ અંગેના પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રેઝન્ટેશનનો લાભ લેવા તમામ સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત આ દિવસથી દરરોજ સવાર-સાંજ ટેનીસ કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોચીંગ કેમ્પનો લાભ લેવા માંગતા સભ્યોએ તા. ૨૦મી ડિસેમ્બર સુધીમાં તેમના નામ જીમખાના કાર્યાલયમાં નોંધાવી દેવા તાકીદ કરાઈ છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ તમે કહ્યું તેમ મે મારી ક્રિએટીવીટી વાપરી બાપુનું પૂતળું બનાવ્યું છે... વિદેશી મહેમાનને ગમે તેવા કપડા બાપુને પહેરાવ્યા...!!

## જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે આરોગ્ય વિષયક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

શ્રી જે.એમ. ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય, સેક્ટર-૭ ખાતે તાજેતરમાં માતૃ મંડળ તરફથી વિદ્યાર્થીનીઓના સ્વાસ્થ્ય અંગે માતાઓને સજાગ કરવા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના શિક્ષિકા સુધાબહેને આવેલ માતાઓને આવકારી અને માતાઓને જ કેમ બોલાવ્યા તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત શરીર માટે જરૂરી સમતોલ આહાર અને તેના મહત્વ વિશે વક્તવ્ય આપ્યું હતું.

આ ઉપરાંત આરોગ્યને લગતી વિવિધ સંસ્થાઓ જેવી કે ડબલ્યુએચઓ, યુનિસેફ, રેડક્રોસ સોસાયટી વગેરે વિશેની માહિતી આપી હતી. આ ઉપરાંત એનિમિયા વિશે પ્રોજેક્ટર દ્વારા એનિમિયા શું છે? તે કેવી રીતે થાય છે? શરીરમાં કયા લક્ષણો જોવા મળે છે? તેને અટકાવવા શું કરવું જોઈએ? કેવો આહાર લેવો વગેરેની માહિતી માતાઓને અને દીકરીઓને શ્રી ભાર્ગવીબેને આપી હતી.

શાળાના શિક્ષક શ્રી રમીલાબેન ચૌધરીએ આનુવંશીકરોગ અને ચેપીરોગ વિશે રાખવી પડતી સાવચેતી વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા શ્રી જયશ્રીબેન ચૌધરી અને શ્રી વિણાબેન ચૌધરીએ કર્યું હતું. આ કાર્યક્રમ શાળાના આચાર્યાબહેન શ્રી સંતોકબેન ચૌધરીની રાહબરી હેઠળ યોજાયો હતો.

## શ્રી રંગ મંદિર, ભાગવત વિદ્યાપીઠ ખાતે શ્રી રંગ દરબાર 'ડાયરો'નું આયોજન

અભિરંગ સંસ્થા, અમદાવાદ દ્વારા શ્રી રંગ દરબાર 'ડાયરા'નું આયોજન આગામી તા. ૨૦મી ડિસેમ્બરના રોજ રાત્રે ૭ થી ૧૧ દરમિયાન શ્રી રંગ મંદિર, સોલા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. સાહિત્યકાર ડૉ. જગદીશભાઈ ત્રિવેદી અને ભજનીક શ્રી વિપુલભાઈ ત્રિવેદી પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીના સાહિત્ય અને જીવનને સાહિત્યિક શૈલીમાં રજુ કરશે. આ કાર્યક્રમનો લાભ ગાંધીનગરના રંગ ભકતો લઈ શકે તે માટે તા. ૨૦મી ડિસેમ્બરના રોજ સાંજે ૬ વાગે અલાયદી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્રિમૂર્તિ દત્તમંદિર ખાતે સત્વરે નામ નોંધાવવા શ્રી ત્રિમૂર્તિ દત્ત મંદિરના આચાર્ય શ્રી નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.





તાજેતરમાં બનાસકાંઠા જીલ્લાના થરાદમાં ગૃહ ખાતા દ્વારા અમલમાં આવેલ સુરક્ષાસેતુ ન્રોજેક્ટ અંતર્ગત આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના સહયોગથી થરાદની વિવિધ સ્કુલોમાં ૧૫૨૭ બહેનોને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટના ન્રમુખ અને જુડો એન.આઈ.એસ. કોચ તેમજ માર્શલઆર્ટમાં નિષ્ણાત એવા કું.કિલ્લોલબેન એસ સાપરિયા અને તેમની ટીમ દ્વારા બહેનોને સ્વરક્ષણના પાઠ શીખવવામા આવ્યા હતા. આ તાલીમને સફળ બનાવવામાં થરાદ પોલીસ સ્ટેશનના ડી.વાય.એસ.પી. શ્રી એસ. જે. પટેલ સાહેબ, પી.આઈ. શ્રી જે.જી.જાડેજા સાહેબ તેમજ હેડ રાઈટર શ્રી નરસિંહભાઈ નો પુરતો સહયોગ સાંપડયો હતો.

## મને એ જોઇને હસવું હઝારો વાર આવે છે પ્રભુ તારા બનાવેલા તને આજે બનાવે છે

### સમાજ ચિંતન

પોપટલાલ પ્રજાપતિ

ધર્મ વિનાની ધાર્મિકતા પરથી દંભનો પરદો ઉંચકાય છે ત્યારે એવા દંભીઓનું સ્થાન ગાદી પરથી જેલના સળીયા પાછળ ધકેલાતું જતું આપણે જેટલા છેલ્લા કેટલાક વર્ષોથી જોઇ રહ્યાં છીએ અને છતાં દંભીઓ સમયાંતરે પ્રગટતા જ રહે છે. દંભ અત્ર, તત્ર, સર્વત્ર નજરે પડે છે. તેના માટે સૂક્ષ્મ અવલોકન તમારી આસપાસ જ કરતા રહેવું... એવા એક ધાર્મિક દંભની વાત... પ્રસંગ સત્ય ઘટના પર આધારિત છે પાત્રના નામ બદલેલ છે...

મહેશભાઇ રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતા પણ ધર્મપરાયણ અને પરોપકારી જીવ હતા. તેઓ શક્તિના ઉપાસક હતા. (કયા પંથના ઉપાસક હતા તેનો ઉલ્લેખ કરતા નથી, અન્ય ઉપાસકોની લાગણી દુભાવા સંભવ છે) શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞ ઉપાસના કરવામાં વિદ્વાન હતા. પત્ની મધુકાન્તા પણ એવી જ પતિ પરાયણ સન્નારી. બંને જાણે સાક્ષાત ધર્મનો અવતાર ન હોય? તેની નવરાશની પ્રત્યેક પળ ધર્મ માટે વપરાતી. સરકારી ઓફિસમાં પણ તેમની ધાર્મિકતા પ્રત્યે સૌને લગાવ હતો. આવા ધર્મપરાયણ લોકો કયારેક દુઃખી થાય ત્યારે કેટલાક કર્મનાં સિદ્ધાંતની ઠેકડી ઉડાડે. પણ ન્યાયાલય જો સો ગુનેગારોને નિર્દોષ છોડતી હોય તો ઈશ્વરના દરબારમાં અન્યાય હોઈ શકે ખરો? ધર્મપરાયણ મહેશભાઈના આંતરિક જીવનમાં ડોકિયું કરતાં વાસ્તવિકતા કંઈક અલગ જોવા મળતી. તેમને એકનો એક દીકરો નામે હેમંત. આ હેમંત રંગીલા સ્વભાવનો અને છેલબટાઉ પણ ખરો, તે એક છોકરીના ચક્કરમાં ફસાયો. બંને વચ્ચે પ્રેમ પાંગર્યો બંનેએ પ્રેમલગ્ન કરવાના નક્કી કર્યા. પણ કન્યાના માતાપિતાની આમાં બિલકુલ સંમતી નહી. હેમંત પણ જીદે ચઢ્યો કે પરણું તો આ છોકરીને જ બાકી જીંદગીભર કુંવારો રહીષ. મહેશભાઈ મુંઝાયા... છેવટે આ શક્તિ ઉપાસકે રસ્તો કાઢ્યો કોઈને ખબર ન પડે તેમ ગુપચુપ આર્યસમાજમાં દીકરાના લગ્ન કરાવી દેવા. આર્યસમાજમાં તપાસ કરતા જાણવા મળ્યું કે દીકરીના માતાપિતાની સહી તો જોઈશે જ.... તેમની સંમતી વિના અમે લગ્ન ન કરાવીએ. મહેશભાઈને ધર્મમાં ભારે શ્રદ્ધા તેઓ આર્યસમાજના વ્યવસ્થાપકને મળ્યા. અને વિનંતી કરી કે તમે મારા દીકરાના લગ્ન રાતોરાત ગુપચુપ કોઈને ખબર ન પડે તેમ ન કરાવી આપો?

તમારો વહેવાર સમજી લઈશું. અને માનો કે લગ્ન કર્યા પછી કન્યાના માતાપિતાને ખબર પડે તોય શું? ભલને તે કોર્ટ કચેરીના ધક્કા ખાતા થઈ જાય? એક પ્રામાણિક અને ધર્મપરાયણ માનવીના મોઢે આવી વાત સાંભળી આર્યસમાજના સંચાલક હેરત પામ્યા. તેઓ ઘડીભર વિચારતા થઈ ગયા કે ધર્મ, અનુષ્ઠાન, કર્મકાંડમાં રચ્યો પચ્યો રહેતો માનવી પોતાની અંગત વાત આવે ત્યારે કેમ પાંગળો બની જતો હશે? એનો આત્મા કેમ ડંખતો નહિં હોય? બધા પ્રયત્નોમાં નિષ્ફળ જતાં મહેશભાઈએ પોતાના પુત્રને સલાહ આપી કે દુનિયાની ચિંતા છોડ, હવે એક જ રસ્તો છે તું કન્યાને લઈને ભાગી જા અને કોર્ટ મેરેજ કરી લે... પછી બધુ થઈ પડશે... અને દીકરાએ પિતાની આજ્ઞાનું પાલન કર્યું. શહેરમાં કોલાહલ થયો. ફલાણાની દીકરી ભાગી ગઈ... અઠવાડિયા પછી બંને કોર્ટમેરેજ કરી ઘરે પરત ફર્યા અને મહેશભાઈના પરિવારે ધામધૂમથી વર-વધૂના વધામણા કર્યા...

કન્યાના માતાપિતા હાથ ઘસતા રહી ગયા. દીકરીના પિતાએ મહેશભાઈને ટોણો તો માર્યો જ... મહેશભાઈ, તમે લોકોને આવા સંસ્કાર શીખવાડો છો? મહેશભાઈએ બેફિકરાઈથી કહ્યું. આમા મેં કયાં ખોટું કર્યું છે આવું તો દુનિયામાં બનતું આવ્યું છે. પણ લોકોને મહેશભાઈ પરની શ્રદ્ધામાં એક ઘસરકો તો લાગ્યો જ...

કન્યાના માતાપિતાએ આ પ્રસંગથી ખુબ જ આઘાત લાગ્યો કારણ કે તેમને સંતાનમાં બે દીકરીઓ જ હતી. હવે બીજી દીકરીનો હાથ કોણ પકડશે તેની ચિંતા તેમને સતાવવા લાગી. તેની માતા હાર્ટ પેશન્ટ હતી... તેને હાર્ટ એટેક આવ્યો... આ ઘા જીવલેણ સાબિત થયો અને છ જ મહિનામાં તેઓ સ્વધામ પહોંચી ગયા. મહેશભાઈએ તો વેવાણના મૃત્યુનો મલાજો ન પાડ્યો પણ પોતાની પુત્રવધુને પણ માતાના અંતિમ ક્રિયામાં પિયર ન મોકલી. ઉલટાનું લોકોને એમ કહેવા લાગ્યા કે મારી પુત્રવધુ વધુ સમજદાર છે. તેણે જાતે જ પિયર જવાની ના પાડી. મા. ની કૃપાથી મને પુત્રવધુ બહુ સંસ્કારી મળી છે તે કહે છે હવે તો સાસુ જ મારી માતા અને સસરા જ મારા પિતા... જગત આખાને ધર્મ અને સંસ્કારના પાઠ શિખવતા મહેશભાઈ પુત્રવધુને શિખામણ ન આપી શકે કે બેટા, મા એ મા છે લાખો ખરચ્યા પણ હવે મા પાછી નહિ મળે. એકવાર તુ મા નું મોં જોઈ આવ. પણ હકીકત એ છે કે ધર્મના ઠેકેદારો કે તેના રક્ષકોનો દાવ કરનારાઓ સમય આવ્યે ધર્મની વ્યાખ્યા કેવી બદલી નાખતા હોય છે? આ કેવા પ્રકારનો ધર્મ?

ખેર, હજુ વાત પતતી નથી. હેમંતનું લગ્નજીવન શરૂઆતમાં ખુબ સારી રીતે ચાલ્યું પણ કહેવાય છે કે પ્રેમલગ્નો બહુ સફળ થતા નથી. કારણ કે આવા લગ્નોમાં કાં તો લાગણીનો ઉભરો હોય છે, કાં તો સુંદરતાનું આકર્ષણ અથવા યૌવનનો આવેગ અને તેમાંથી પ્રગટેલો કામાગ્નિ... જે સમય જતાં શમી જાય છે. પછી બંને વચ્ચે તૂ-તૂ મૈં-મૈં શરૂ થાય છે જે અંતે છુટાછેડામાં પરિણમે છે. હેમંતના લગ્નજીવનમાં પણ અરમાનોનો કચ્ચરઘાણ થવા લાગ્યો અને આશાઓ નિરાશામાં પરિણમવા લાગી. મહેશભાઈએ બંનેને સમજાવવા ખુબ પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. અને એક દિવસ હેમંતે ઘરનો ત્યાગ કર્યો... તે કયાં ગયો તેનો કંઈ પત્તો ન લાગ્યો. ઘણી શોધખોળ નિરાશામાં પરિણમી ત્યારે ત્રણ જ મહિના બાદ આ અત્યંત ધાર્મિક પુરૂષે પોતાની પુત્રવધુને કહ્યું, વહુ બેટા, હેમંતના પરત આવવાના કોઈ અણસાર વપરાતા નથી, હવે તમે પિયર જઈને રહો તો તમારું મન હળવું થાય અહીં રહીને તમે શું કરશો? પુત્રવધુના માથે જાણે વિજળી પડી. જે સસરાને પિતા સમાન ગણી તેણે પિયરનો ત્યાગ કરેલો એ ધાર્મિક ક્રિયાકાંડ અને અનુષ્ઠાનમાં ચોવીસે કલાક મગ્ન રહેતા સસરાની આ ધાર્મિકતા? કોઈનાં આત્માને નહિ દુભાવવાની સલાહો આપતા સસરાની કરની અને કથનીમાં આટલો બધો તફાવત? શું ધર્મ અને ધાર્મિકતા વચ્ચે આટલો બધો તફાવત હોઈ શકે? ક્રિયાકાંડો, અનુષ્ઠાનો એ ફક્ત દેખાવ પુરતા હોય છે? દિવ્યમંત્ર, પ્રાર્થના, યજ્ઞયાગ, કથા-પુરાણ આ બધું લોકોની આંખમાં ધૂળ નાખવા માટે હોય છે? શક્તિના ઉપાસકો નારી શક્તિના મૂલ્યને સમજી ના શકે તો મંદિરમાં થતાં ઘંટારવ અને વાગતી ઝાલરો એ નર્યો ઘોંઘાટ નથી? દંભ માટે કરાતી ધાર્મિક ક્રિયાઓથી મંત્રનો મહિમા ઘટી જાય છે. એ આ શક્તિના ઉપાસકોને ખબર નહિ હોય? માટે જ ધાર્મિકતાનો દંભ કયારેક કુદરતના કોપનું કારણ બને છે...

(સંદર્ભ : 'કળિયુગનું મારણ' પર આધારિત)